દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬

# AIનો વિકાસ ધીમો પાડવાનો વિચાર ટેક કંપનીઓ ખરેખર અમલમાં મૂકશે ખરી?

AI એટલે કે કૃત્રિમ બુદ્ધિમતા એ છેલ્લા કેટલાક સમયથી બહુચર્ચિત બાબત બની રહી છે. એઆઇને કારણે નોકરીઓ જશે, એઆઇ માણસજાત પર હાવી થઇ જશે, એઆઇ અનિયંત્રિત થઇ જાય તો મહાભયંકર સંજોગો સર્જાઇ શકે છે તેવી ટીકાઓ અને ચેતવણીઓ વચ્ચે આ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સથી થતા લાભોની પણ વાતો ચર્ચામાં રહી છે. પણ હવે હાલમાં ખુદ કેટલીક એઆઇ કંપનીઓના વડાઓએ એ બાબતની તરફેણ કરી છે કે AIનો વિકાસ ધીમો પાડવાની જરૂર છે જેથી તેનાથી ઉભા થતા સંભવિત જોખમો સામેના પગલાઓ અંગે આયોજનો કરી શકાય. સૌથી પહેલા આ વાત એન્થ્રોપિક કંપનીના સીઇઓ દ્વારા વહેતી મૂકવામાં આવી, જે વાતને અન્ય કેટલીક એઆઇ કંપનીઓના સીઇઓઝ તરફથી પણ ટેકો મળી રહ્યો. જે કંપનીઓના સીઇઓઝ દ્વારા AIનો વિકાસ ધીમો પાડવાની વાત કરવામાં આવી છે તે તમામ કંપનીઓ અમેરિકન કંપનીઓ છે અને કેટલાકને આમાં કાવતરાની પણ ગંધ આવે છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પ પણ આ વાતને કાવતરા તરીકે જોઇ રહ્યા છે અને કહે છે કે આનાથી ચીનને ફાયદો થશે.

શનિવારે AI કંપની એન્થ્રોપિકના વડા, ડેરીયો એમોડીએ ટેકનોલોજીના વિકાસની ગતિ ધીમી કરવાનો આગ્રહ રાખ્યો હતો - તેમની આ વાત સાથે તેમની હરીફ AI કંપનીઓના બે વડા, ઓપનએઆઈના સામ ઓલ્ટમેન અને ઇલોન મસ્કે પણ સહમતિ દર્શાવી હતી. દરમિયાન, એન્થ્રોપિક કંપની છોડી ચૂકેલા AI સંશોધક જેકોબ કોક્સને રવિવારે BBCને જણાવ્યું હતું કે, જે સ્ટાફ આ સિસ્ટમ્સ વિકસાવી રહ્યો હતો તેઓ માનવજાતના ભવિષ્યને લઈને "ખરેખર ડરેલા" હતા. આ તમામ લોકો ટેકનોલોજીની ગતિ ધીમી કરવાની અપીલ કરી રહ્યા છે, જે એક મોટો અવાજ બનીને સામે આવી રહ્યો છે. પરંતુ આ સાંભળવામાં જેટલો સરળ ઉપાય લાગે છે, તેટલો સરળ છે નહીં. અમેરિકા ચીન સામે સૌથી શક્તિશાળી AI બનાવવાની સ્પર્ધા હારી જવાથી અત્યંત ડરેલું છે તે વાત વ્યાપકપણે સમજાય છે. રવિવારે ટ્રમ્પે પોતાના વિચારો સ્પષ્ટ કરતા દાવો કર્યો હતો કે AI ની રેસમાં અમેરિકા ચીન કરતાં આગળ છે, ટ્રમ્પે કહ્યું કે એઆઇનો વિકાસ ધીમો પાડવાની વાત એ એક બિમાર કાવતરું છે. એન્થ્રોપિકના ડારિયો એમોડેઇ, ઓપનએઆઇના સેમ ઓલ્ટમેન અને ઇલોન મસ્ક દ્વારા એઆઇ પર વધુ સરકારી દેખરેખ રાખવાની તરફેણ કરી રહેલા જણાય છે. આ ટેક લીડર્સનો હેતુ એ નિશ્ચિત કરવાનો છે કે ટેકનોલોજીનો વિકાસ એ રીતે થાય જે સુરક્ષાને પ્રોત્સાહન આપે, કાનૂની જવાબદારીઓ નક્કી કરે, આર્થિક વૃદ્ધિને વેગ આપે, વિજ્ઞાનને આગળ ધપાવે અને રાષ્ટ્રીય સુરક્ષાનું રક્ષણ કરે. તાજેતરના મહિનાઓમાં એવા અનેક હેકિંગના કિસ્સા સામે આવ્યા છે જેમાં દર્શાવાયું હતું કે AI એજન્ટ્સ મનુષ્યોને છેતરવા માટે કામ કરી શકે છે, જેના કારણે AI વિવાદનું કેન્દ્ર બન્યું છે. એમોડેઇએ શનિવારે 3,800 શબ્દોનો એક નિબંધ પ્રકાશિત કર્યો હતો જેમાં AIના વિકાસને ધીમો પાડવાની હાકલ કરવામાં આવી હતી. માઇક્રોસોફ્ટે પણ સોમવારે માણસોનું AI પર નિયંત્રણ રહે તે સુનિશ્ચિત કરવા માટે તેનો પોતાનો કોડ ઓફ કન્ડક્ટ પ્રકાશિત કર્યો હતો.

એક પ્રશ્ન એ પણ છે કે આ ધીમી ગતિની પ્રક્રિયાનો અમલ પૃથ્વી પર કેવી રીતે કરાવી શકાય? તેનું નિરીક્ષણ કોણ કરશે? શું આપણે AI કંપનીઓ શું કરી રહી છે અને વધુ મહત્વનું એ કે તેઓ શું નથી કરવાનું પસંદ કરી રહી છે, તે બાબતે તેમના દ્વારા આપવામાં આવતી પારદર્શિતા પર નિર્ભર રહેવું પડશે? તેના માટે ખૂબ મોટા સ્તરના વિશ્વાસની જરૂર પડશે, જે કદાચ ટેક ક્ષેત્રએ ક્યારેય મેળવ્યો નથી. જો કે એમોડીએ તેમની પોસ્ટમાં ત્રણ પોઇન્ટની યોજના પ્રસ્તાવિત કરી હતી, જેમાં AI મોડલ્સ વિકસિત થાય તે દરમિયાન તેનું સ્વતંત્ર નિરીક્ષણ, ઉદ્યોગ-વ્યાપી નિયમન અને વૈશ્વિક નિયમનનો સમાવેશ થાય છે; છતાં કેટલાક નિરીક્ષકો સવાલ ઉઠાવે છે કે વ્યવહારમાં આ કેવી રીતે કામ કરશે. ઇઝી પ્રાઇમરી રિસર્ચના CEO એડ ઝિટ્રોને જણાવ્યું હતું કે, કોઇએ પણ આ 'સ્લોડાઉન'નો અર્થ શું થાય છે તેની કોઇ નક્કર સમજૂતી આપી નથી. અહીં હરિફાઇનો પ્રશ્ન આવશે જ. અનિયંત્રિત એઆઇ ખુદ માનવ જાતનું જ નિકંદન કાઢી નાખશે એ હદના ભય વ્યક્ત થઇ રહ્યા હોવા છતાં એઆઇના વિકાસ માટે અત્યારે ખાસ કરીને અમેરિકા અને ચીન વચ્ચે હરિફાઇ ચાલી રહી છે. વળી, કંપનીઓ વચ્ચે પણ હરિફાઇ ચાલી રહી છે અને વિકાસ ધીમો પાડવાની વાતો વચ્ચે બધા એક બીજાથી આગળ નિકળી જવાના પેંતરા પણ ભરી શકે છે આથી AIનો વિકાસ ધીમો પાડવાનું વ્યવહારિક રીતે મુશ્કેલ બની શકે તેમ છે.

# ભારતના વિકાસનું ચિત્ર હવે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ પ્રેરિત બનશે

માણસ આંખનો ઉપકરણ તરીકે ઉપયોગ કરીને જુદા જુદા પદાર્થોના આકાર, માપ, રંગ અને ગુણધર્મો વિશે તારણ કાઢે છે. આ દૂરસંવેદન પદ્ધતિનું સરળ ઉદાહરણ છે. પરંતુ આપણી આંખ પ્રકાશના પરાવર્તન પામતાં કિરણોનો જ ઉપયોગ કરી શકે છે. જ્યારે દૂરસંવેદન પદ્ધતિમાં વીજચુંબકીય વર્ણના દશ્યમાન ઉપરાંત પાર-રક્ત અને સૂક્ષ્મ તરંગ અથવા માઈક્રોવેવ વિસ્તારનાં અદશ્ય કિરણોનો ઉપયોગ કરીને પૃથ્વી પરના જુદા જુદા પદાર્થોના લાક્ષણિક ગુણધર્મો વિશે અત્યંત ઉપયોગી માહિતી મેળવી શકાય છે. પરંતુ હવે ૩૬૦૦૦ કિલોમીટરની ઊંચાઇ પર જીઓ સિક્રોનસમાં કૃત્રિમ ઉપગ્રહના શક્તિશાળી કેમેરા દ્વારા પૃથ્વીના ભૂ-ભાગનું સર્વેક્ષણ અને ચોકીદારી થઈ શકે છે.

આથી ભારત વર્ષની નૈસર્ગિક સંપત્તિ જેવી કે કૃષિ, વન, ભૂમિ, જળ વગેરેની સાર્વત્રિક સ્થિતિમાં માહિતી મળશે. આ છબીઓ દ્વારા પડોશી દેશોની સીમાઓની વિગતો ઘણી ચોક્સાઈથી નકશારૂપે મળશે. આ છબીઓમાં દેખાતા વાતાવરણ પૃથ્વીના જુદા જુદા પ્રદેશોના હવામાન વિશે ઉપયોગી માહિતી મેળવી શકાશે. આમ, સ્થળ સાથે સીધા સંપર્કમાં આવ્યા સિવાય ઉપકરણની મદદથી જે તે સ્થિતિના ગુણધર્મ વિશે ઘેર બેઠાં સરળતાથી માહિતી મેળવવી સેલફોન ઉપરની સ્થિતિ બની રહેશે.

કૃત્રિમ ઉપગ્રહ દ્વારા ભૂમિસંપત્તિનું સર્વેક્ષણ કરવાથી વિશિષ્ટ લાભ રહે છે કે

(૧) પરંપરાગત પદ્ધતિ એટલે કે ભૂમિ પરથી કે હવાઈ નિરીક્ષણ દ્વારા કરવામાં આવતા સર્વેક્ષણની સરખામણીમાં સેટેલાઈટની મદદથી ઘણા ઓછા સમયમાં અને ઓછા ખર્ચે વિશાળ પ્રદેશોનું સર્વેક્ષણ કરી શકાય છે.

(૨) ઉપગ્રહ દ્વારા થતા સર્વેક્ષણનું નિયમિત રીતે આપોઆપ પુનરાવર્તન થતું હોવાથી ભૂમિ, કૃષિ, જળ અને વન જેવી નૈસર્ગિક સંપત્તિમાં સમયાંતરે આવતાં પરિવર્તનો વિશે પણ માહિતી મળે છે. ભારતના પ્રાયોગિક કક્ષાના ભૂ-સંચાલિત સર્વેક્ષણ માટે કાર્ટો સેટ શ્રેણીના ઉપગ્રહો દ્વારા છબીઓ મેળવવામાં આવી હતી. તે પછી કાર્યાન્વિત કક્ષાનો ભારતીય દૂરસંવેદન ઉપગ્રહ સૂર્ય સમક્રમિક ભ્રમણ કક્ષામાં પ્રક્ષેપિત કરતા અને પૃથ્વીની છબી લેવા માટે તેમાં ત્રણ વીજાણુ કેમેરા રાખવામાં આવતાં. કેમેરા દ્વારા સૂર્યના પરાવર્તિત પ્રકાશની દશ્યમાન અને પાર-રક્ત તરંગ લંબાઈના વિસ્તારમાં પૃથ્વીની છબી મળતી થઈ છે. સૂર્ય સમક્રમિક ભ્રમણકક્ષાને લીધે આઈ.આર.એસ. ૧ સી, સ્થાનિક સમય પ્રમાણે સવારના ૧૦.૨૫ કલાકે વિષુવવૃત્ત પરથી પસાર થાય છે. આથી દરેક સ્થળની તસવીર એક જ સરખા સૂર્યપ્રકાશની સ્થિતિમાં મળે છે અને પરિણામે તેનું અર્થઘટન સરળ બન્યું છે. પૃથ્વી પરના દરેક પદાર્થ દ્વારા પરાવર્તિત થતો સૂર્યનો પ્રકાશ સૂચક વાસ્તવિકતા બતાવે છે. પદાર્થના આ રંગ-લક્ષણ અથવા સ્પેક્ટ્રમ સિગ્નલ્સ પૃથ્વી ઉપરથી પાછા ફરતા સૂર્યના વનસ્પતિ, પાણી, જમીન, બરફ, ખનિજ તત્ત્વને પોતપોતાના ભિન્ન ભિન્ન રંગ લક્ષણ આધારે ઓળખી શકાય છે. સૂર્યના પ્રકાશમાં વનસ્પતિનાં પાંદડાં લીલા રંગનાં દેખાય છે. પરંતુ સૂર્યના પ્રકાશની ક્લૉરોફિલ સાથેની પ્રક્રિયાને લીધે પાંદડાં દ્વારા થતા સૂર્યપ્રકાશનું પરાવર્તન પાર-રક્ત વિસ્તારમાં ઘણા વધારે પ્રમાણમાં થાય છે. ઉપગ્રહથી પ્રાપ્ત થતી તસવીરો દ્વારા અભ્યાસ કરીને જળસંગ્રહ માટેના નાના ચેક ડેમો, પીવાના પાણીસંગ્રહ માટેનાં તળાવો, ખેતીને અનુરૂપ જમીનના વિકાસ માટેની ભૂમિકા તૈયાર થઈ શકે છે. સતત દુષ્કાળની સમસ્યાવાળા જિલ્લાઓમાં સ્થાયી વિકાસના કાર્યક્રમો ઘડી કાઢવા અને જમીન-પાણીનો મેળ તપાસતાં રહી જિલ્લાના પ્રાકૃતિક

## અવારનવાર

**ડો.નાનક ભટ્ટ**

**જ્યારે દૂરસંવેદન પદ્ધતિમાં વીજચુંબકીય વર્ણના દશ્યમાન ઉપરાંત પાર-રક્ત અને સૂક્ષ્મ તરંગ અથવા માઈક્રોવેવ વિસ્તારનાં અદશ્ય કિરણોનો ઉપયોગ કરે છે**

સ્રોતોને વધુ ઉપજાઉ કરવાના હેતુ સાકાર થાય છે. ઉપગ્રહોની તસવીરો પશુઓનાં સ્થળાંતર અને જમીન ઉપરના એકંદર સુકારાની સમગ્રલક્ષી વિગતો સત્યતાપૂર્ણ રીતે તપાસી શકે છે, એટલું જ નહીં પણ દુષ્કાળજનક સ્થિતિ વચ્ચે ઘાસચારાના સ્થાનિક ઉગાવ કે પછી નહેરવિસ્તારમાંથી ઘાસના નિયંત્રણ માટે ઉપગ્રહ મદદકર્તા બને છે.

૧૫,૦૦૦ ચોરસ વર્ગ મીટરના સ્કેલમાં તસવીરો લેવામાં આવે છે. ત્યાર બાદ એકત્ર માહિતીઓને જરૂરિયાત મુજબ વિભાજીત કરીને સંબંધિત આયોજન માટે ઉપલબ્ધ કરવામાં આવે છે. જમીનમાં રહેતા ક્ષાર અને ખનિજ તત્ત્વો તેમ જ જમીનના પેટાળમાં રહેલ પાણીનાં સંયોજન સમુદાયને અનુકૂળ રહેશે તે પણ જાણી ખેડૂતના પાકપસંદગીના નિર્ણયમાં મદદરૂપ થાય છે.

ટેનિસના કોર્ટ ઉપરની રમતનું નિયમન કરનાર રેફરી જેમ ઊંચા ટેબલ પર બેસી પોતાની બે આંખો-મસ્તિષ્ક વડે નિર્ણય લે છે તેમ પૃથ્વીથી ૧૦૦૦-૧૫૦૦ કિ.મી. દૂર સ્થાપિત થયેલા ઉપગ્રહના કેમેરાના લેન્સ પૃથ્વીની ભ્રમણ ગતિ અને તેના તાપમાનમાં થતાં પરિવર્તનોના લીધે ઉદ્ભવતા ગરમ-ઠંડા પ્રવાહો અને હવાની ગતિ તથા ભેજના પ્રમાણને પણ આગોતરા સ્થિતિમાં નોંધી શકે છે.

ઉપગ્રહની તસવીરોની મદદથી કૃષિભૂમિ કેટલી ઉપજાઉ રહેશે તે ઝડપથી નક્કી કરી શકાય છે. ઉપરાંત કાર્યવિસ્તારમાં જે વિકાસલક્ષી કામો હાથ પર લેવાનાં થાય છે તેમાં વૈજ્ઞાનિક અભિગમ દાખવી પૈસાના રોકાણના વાજબીપણાને નફા નુકસાનમાં માપી શકાય છે.

ઈસરોના વૈજ્ઞાનિકોએ રાષ્ટ્રને માટેની શક્તિ અને નિર્ણયશક્તિને આભમાં સ્થાપી છે, પરંતુ હવે સમાજઘડતરની ખેવના રાખતા પ્રજાના પ્રતિનિધિઓએ આ માહિતીને પંચાયતની કચેરી સુધી પહોંચાડવાની છે. પરંપરા અને સંસ્કૃતિના ઓછાયામાં વિકસેલા આપણા દેશની રીતરસમોમાં વિવેક કે નમ્રતા દર્શાવવા આપણે રાષ્ટ્રીય પુરુષો કે મહાત્માઓની તસવીરોને આપણી નજર સમક્ષ રાખીએ છીએ.

પરંતુ આ તસવીરોના બદલે રાજ્ય, જિલ્લા, તાલુકા કે ગામની ઉપગ્રહની નજરે દેખાતી તસવીર આપણી પંચાયતો કે કચેરીની ભીંતો ઉપર દેખાતી થશે ત્યારે વિકાસ વધુ અને સશક્ત બનશે. પૈસાનું વળતર ઉપજ આપનાર હશે અને વિજ્ઞાન ઘર ઘર સુધી પહોંચનાર બનશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## રાજાએ આપેલી સમજ



પ્રાચીન સમયમાં એક રાજા હતો. તેને પોતાના રાજ્યના લોકોની બુદ્ધિ અને સ્વભાવ જાણવાનો શોખ હતો. એક દિવસ તે વેશપલટો કરી સામાન્ય મુસાફરના વેશમાં શહેરમાં ફરવા નીકળ્યો.રસ્તાની બાજુમાં બે કુંભારનાં ઘર હતાં અને બંને ઘરનાં આંગણામાં રાજાએ બે કુંભારને કામ કરતા જોયા. બંને પાસે સરખી માટી હતી, સરખાં સાધનો હતાં અને સરખી જ મહેનત કરતા હતા.મુસાફરના વેશમાં રાજાએ પહેલા કુંભાર પાસે જઈને પૂછ્યું, 'તમે આટલી મહેનત કરો છો શા માટે ? જીવનમાં શું મેળવવા ઈચ્છો છો?'

પહેલો કુંભાર બોલ્યો, 'મારે જીવનમાં ઘણું બધું ધન જોઈએ છે અને મારા કરતાં બીજું કોઈ આગળ ન વધે. હું જ હંમેશા અવ્વલ રહેવા માંગું છું.'

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

પછી રાજા બીજા કુંભારની પાસે ગયા અને તેને પૂછ્યું, 'તમે આટલી મહેનત કરો છો શા માટે ? જીવનમાં શું મેળવવા ઈચ્છો છો?'

બીજા કુંભારે કહ્યું, 'મારે એટલું સારું કામ કરવું છે કે મારા બનાવેલા ઘડા લોકોના જીવનમાં ઉપયોગી બને.'

મુસાફરના વેશમાં આવેલો રાજા બન્નેની વાત સાંભળી આગળ વધી ગયો પણ તેણે પોતાના જાસૂસોને બંને કુંભાર પર નજર રાખવા કહ્યું. તે સમય સમય પર તેમના વિષે જાણકારી મેળવતો. ઘણો સમય પસાર થયો. રાજાને જાણકારી મળી કે પહેલો કુંભાર પૈસા માટે ઉતાવળે કામ કરતો. તે કાચી માટીના ઘડા વેચતો અને લોકો સાથે છેતરપિંડી કરતો. થોડા સમયમાં લોકોનો વિશ્વાસ તૂટી ગયો.

બીજો કુંભાર દરેક ઘડામાં ધીરજ અને ગુણવત્તા રાખતો. ધીમે ધીમે તેની નામના ફેલાવા લાગી. દૂરનાં ગામોમાંથી પણ લોકો તેના ઘડા લેવા આવવા લાગ્યા.

રાજા ફરી સામાન્ય મુસાફરના વેશમાં આવ્યો. તેણે જોયું કે પહેલા કુંભારની દુકાન ખાલી હતી. બીજા કુંભારની દુકાનમાં લોકોની ભીડ હતી.

રાજાએ બંને કુંભારને પોતાની સાચી ઓળખ આપીને કહ્યું, 'તમારી પાસે આવડત એકસરખી હતી, શરૂઆતમાં સરખી માટી અને સાધનો હતાં. પરંતુ તમારામાંથી એકે લોભથી જીવન ઘડ્યું અને બીજાએ સેવા અને ગુણવત્તાથી અને જુઓ તેનો તફાવત... રાજાએ બીજા કુંભારને ઇનામ આપ્યું અને પહેલા કુંભારને શીખ સાથે કડક સૂચના આપી કે લોભ છોડી સાચું કામ કરવાનું શરૂ કર.જીવનમાં સફળતા માત્ર "કેટલું કમાયા?"થી નક્કી થતી નથી. તમે જે કામ કરો છો તેમાં વિશ્વાસ, પ્રામાણિકતા અને ગુણવત્તા ઉમેરો. સાચું કામ કદાચ ધીમે સફળ થાય, પરંતુ તેની સફળતા લાંબી ટકે છે.' રાજાએ સાચી સમજ આપી.

# શું બ્રિક્સ શિખર સંમેલન ભારત માટે એક મોટી સફળતા છે?

૧૮મું બ્રિક્સ શિખર સંમેલન ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં યોજાઈને સંપન્ન થયું. આ શિખર સંમેલન પાસેથી કોઈ બહુ મોટા કે ઐતિહાસિક નિર્ણયની અપેક્ષા નહોતી, પરંતુ અંદરોઅંદર અનેક મતભેદ ધરાવતા ૧૧ સભ્ય દેશોને એકસાથે લાવી સર્વસંમતિથી ૧૪૦ પેરેગ્રાફનું 'નવી દિલ્હી ઘોષણાપત્ર' સ્વીકારાવવું ભારત માટે મોટી રાજદ્વારી સફળતા ગણાય છે. ખાસ વાત એ રહી કે ૨૦૨૪ અને ૨૦૨૫માં બ્રિક્સના વિસ્તરણ બાદ પહેલીવાર તમામ સભ્ય દેશોનું શિખર સંમેલનમાં પ્રતિનિધિત્વ જોવા મળ્યું.

બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાથી શરૂ થયેલું બ્રિક્સ હવે ઈરાન, યુએઈ, સાઉદી અરેબિયા, ઈજિપ્ત, ઈથોપિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશોને પણ સમાવી ચૂક્યું છે. જોકે, લગભગ બે દાયકા પૂર્ણ કરવાની નજીક પહોંચેલું બ્રિક્સ હજી પશ્ચિમના દેશોની સંસ્થાઓનો સંપૂર્ણ વિકલ્પ બની શક્યું નથી. સભ્ય દેશો વચ્ચેના રાજકીય અને વ્યૂહાત્મક મતભેદો તેનો સૌથી મોટો પડકાર છે.

નવી દિલ્હી ઘોષણાપત્રમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારા કરવાની જરૂરિયાત પર ભાર મૂકાયો અને બ્રાઝિલ તથા ભારતને વધુ મોટી ભૂમિકા આપવાનું સમર્થન કરવામાં આવ્યું. આ ભારત માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે સુરક્ષા પરિષદમાં ભારતની કાયમી સભ્યપદની દાવેદારી લાંબા સમયથી ચાલી રહી છે. ઘોષણાપત્રમાં પશ્ચિમી પ્રતિબંધો અને ટેરિફની ટીકા કરવામાં આવી તેમજ બ્રિક્સ દેશો વચ્ચે વેપાર વધારવા અને સ્થાનિક ચલણમાં વ્યવહારોને પ્રોત્સાહન આપવાની વાત કરવામાં આવી.

ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે તમામ સભ્યોને એક ભાષા પર લાવવાનું કામ સરળ નહોતું. ખાસ કરીને ઈરાન અને યુએઈ જેવા દેશો વચ્ચે મતભેદો છે. મે ૨૦૨૬માં પણ બ્રિક્સના વિદેશ પ્રધાનો સંયુક્ત નિવેદન બહાર પાડવામાં નિષ્ફળ રહ્યા હતા. આવી સ્થિતિમાં નવી દિલ્હીમાં સર્વસંમતિથી ઘોષણાપત્ર પસાર થવું ભારતની અધ્યક્ષતા માટે મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. ઘોષણાપત્રમાં કોઈ એક સભ્ય દેશને નિશાન બનાવ્યા વિના એકતરફી લશ્કરી કાર્યવાહીનો વિરોધ કરવામાં આવ્યો. ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા તથા ત્યારબાદ સર્જાયેલી ઘટનાઓનો સીધો ઉલ્લેખ

## ફિંગર પ્રિન્ટ

**શેખર ઐયર**

**નવી દિલ્હી ઘોષણાપત્રમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારા કરવાની જરૂરિયાત પર ભાર મૂકાયો અને બ્રાઝિલ તથા ભારતને વધુ મોટી ભૂમિકા આપવાનું સમર્થન કરવામાં આવ્યું**

ટાળવામાં આવ્યો. આને સભ્યો વચ્ચેના મતભેદોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી સંતુલિત ભાષા તરીકે જોવામાં આવી રહી છે. ૨૨ એપ્રિલ ૨૦૨૫ના પહલગામ આતંકવાદી હુમલાની પણ સખત નિંદા કરવામાં આવી અને સીમાપાર આતંકવાદ સહિત આતંકવાદ સામે લડવાની બ્રિક્સની પ્રતિબદ્ધતા પુનરોચ્ચારિત કરવામાં આવી. આ મુદ્દો ભારત માટે ખાસ મહત્ત્વનો હતો.

શિખર સંમેલન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ કરતાં વધુ નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વેપાર, સંરક્ષણ અને ઊર્જા અંગે ચર્ચા થઈ, જ્યારે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે નેવિગેશનની સ્વતંત્રતા અને વેપાર જેવા મુદ્દાઓ પર વાતચીત થઈ. આઠ વર્ષ બાદ કોઈ ઈરાની રાષ્ટ્રપતિની ભારત મુલાકાત પણ થઈ. મોદીએ યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે પણ મુલાકાત કરી.

મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની મુલાકાત પણ ચર્ચામાં રહી. જૂન ૨૦૨૦ની ગલવાન અથડામણ બાદ ભારત અને ચીનના સંબંધોમાં ભારે તણાવ આવ્યો હતો. બંને દેશોએ સરહદ પર મોટી સંખ્યામાં સૈનિકો અને હથિયારો તૈનાત કર્યા હતા. આવા સંજોગોમાં બંને નેતાઓની મુલાકાત સંબંધોને સામાન્ય બનાવવાની રાજકીય ઈચ્છાશક્તિ દર્શાવતી હતી. જોકે, ભારત અને ચીનની પ્રાથમિકતાઓ હજુ અલગ છે. ચીન વેપાર અને પોતાનો વૈશ્વિક પ્રભાવ વધારવા માગે છે, જ્યારે ભારત પોતાની વ્યૂહાત્મક સ્વતંત્રતા જાળવીને વિવિધ શક્તિઓ સાથે સંબંધો આગળ ધપાવવા માગે છે.

બ્રિક્સની બીજી મોટી ચર્ચા ડી-ડોલરાઈઝેશનની રહી. તેના બદલે સભ્ય દેશોએ વધુ વ્યવહારુ રસ્તો પસંદ કર્યો છે. વેપાર અને રોકાણમાં સ્થાનિક ચલણનો ઉપયોગ વધારવો અને સરહદ પારની ચુકવણીને સરળ બનાવવી તેના મુખ્ય મુદ્દા રહ્યા. બ્રિક્સ પેમેન્ટ ટાસ્ક ફોર્સ રાષ્ટ્રીય પેમેન્ટ અને મેસેજિંગ સિસ્ટમ્સ વચ્ચે વધુ સારી આંતરસંચાલનક્ષમતા માટે કામ કરી રહ્યું છે.

હાલમાં વૈશ્વિક નાણાકીય વ્યવસ્થામાં અમેરિકી ડોલરનું પ્રભુત્વ યથાવત્ છે. આઈએમએફના જણાવ્યા મુજબ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વૈશ્વિક વિદેશી મુદ્રા ભંડારમાં ડોલરનો હિસ્સો ૫૭.૧૩ ટકા હતો. રશિયા પર પશ્ચિમી પ્રતિબંધો લાગ્યા બાદ તેણે ચીન સાથેના વેપારમાં રૂબલ અને યુઆનનો ઉપયોગ નોંધપાત્ર રીતે વધાર્યો છે. બ્રિક્સનો તાત્કાલિક હેતુ ડોલરને રાતોરાત હટાવવાનો નહીં, પરંતુ સભ્ય દેશો વચ્ચે સીધા સ્થાનિક ચલણમાં વેપાર વધારવાનો છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બ્રિક્સ વિરોધી વલણ અને વધારાના ટેરિફની ધમકીઓ વચ્ચે ભારતે પણ સાવચેતીભરી કૂટનીતિ અપનાવી. ચીન અને રશિયા ભારત પાસેથી અમેરિકા સામે વધુ આક્રમક ભાષાની અપેક્ષા રાખતા હતા, પરંતુ ભારતે સીધો ટકરાવ ટાળ્યો. એક તરફ તેણે પ્રતિબંધો અને ટેરિફની ટીકા કરી, તો બીજી તરફ અમેરિકા સાથેના વેપાર સંબંધો બગડે નહીં તેનું પણ ધ્યાન રાખ્યું. આ રીતે જોવામાં આવે તો નવી દિલ્હી શિખર સંમેલનની સૌથી મોટી ઉપલબ્ધિ કોઈ એક મોટો આર્થિક કે રાજકીય નિર્ણય નહીં, પરંતુ અલગ-અલગ હિતો ધરાવતા દેશોને એક જ ઘોષણાપત્ર પર સહમત કરાવવાની ભારતની ક્ષમતા રહી. ભારતે અમેરિકા, રશિયા, ચીન, ઈરાન અને આરબ દેશો વચ્ચે સંતુલન સાધીને પોતાની કૂટનીતિક સ્વતંત્રતા જાળવી.

બ્રિક્સને પશ્ચિમની વ્યવસ્થાનો સંપૂર્ણ વિકલ્પ બનાવવો કેટલો શક્ય છે તે હજુ મોટો પ્રશ્ન છે. ડોલરનું પ્રભુત્વ યથાવત્ છે અને સભ્ય દેશો વચ્ચે સુરક્ષા તથા વિદેશ નીતિના મુદ્દે ગંભીર મતભેદો છે. છતાં બ્રિક્સ ગ્લોબલ સાઉથના દેશોને વધુ આર્થિક વિકલ્પો અને સામૂહિક વાટાઘાટની શક્તિ આપે છે. કદાચ બ્રિક્સની સફળતાનું માપદંડ પશ્ચિમની સંસ્થાઓને સંપૂર્ણપણે બદલી નાખવું નહીં, પરંતુ વૈશ્વિક વ્યવસ્થામાં પશ્ચિમી વર્ચસ્વને પડકારવું અને તેને એકમાત્ર વિકલ્પ ન રહેવા દેવું છે. નવી દિલ્હીમાં ભારતે આ દિશામાં પોતાની ભૂમિકા વધુ મજબૂત કરી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સોશિયલ મીડિયાની 'પરફેક્ટ લાઈફ' કેટલી સાચી?

આજના યુવાનોના જીવનમાં સોશિયલ મીડિયા અભિન્ન બની ગયું છે. ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને અન્ય માધ્યમો પર લોકો પોતાના જીવનની ખુશીઓ, પ્રવાસ, મોંઘી વસ્તુઓ અને સફળતાની તસવીરો મૂકતા રહે છે. પરંતુ પ્રશ્ન એ છે કે સોશિયલ મીડિયા પર દેખાતું જીવન ખરેખર એટલું જ સુંદર હોય છે?

ઘણી વખત લોકો પોતાની જિંદગીની મુશ્કેલીઓ છુપાવીને માત્ર સારા પ્રસંગો રજૂ કરે છે. પરિણામે અન્ય લોકો પોતાના જીવનની તેમની સાથે સરખામણી કરવા લાગે છે.

સોશિયલ મીડિયા ખરાબ નથી, પરંતુ તેનો ઉપયોગ કેટલો અને કેવી રીતે કરવો તે મહત્વનું છે. દરેક પોસ્ટને હકીકત માનવાને બદલે તે માત્ર કોઈ વ્યક્તિના જીવનનો એક ભાગ છે તે સમજવું જરૂરી છે. માતા-પિતાએ પણ બાળકો સાથે આ અંગે ખુલ્લી વાત કરવી જોઈએ. વાસ્તવિક જીવનની ખુશીને સોશિયલ મીડિયાની પસંદ-નાપસંદ સાથે માપવી યોગ્ય નથી.

**કીમ — -રાકેશ પટેલ**

### આસ્તિક અને નાસ્તિક સાથે માનવતાવાદ જરૂરી

સુરતમાં કવિ નર્મદનો જન્મ થવો એ સુરતીઓ માટે આનંદની વાત કહેવાય, કેમ કે તેઓ સમાજસુધારક હતા. દાંડીઓ નામક અખબાર તે જમાનામાં શરૂ કર્યું હતું. હાલ તહેવારો ઉજવવાની મોસમ ચાલી રહી છે ત્યારે તેઓ માનવજાતને એક જ સંદેશ આપતા કે આસ્તિક હો કે નાસ્તિક પણ તેની સાથે માનવતાવાદ ભળવો જોઈએ. વહેમો અને કુરિવાજોના સખત વિરોધી હતા. યાહોમ કરીને પડો ફત્તેહ છે આગે તેમનું સૂત્ર હતું. વ્યવસાયે શિક્ષક હોવાના નાતે રાંદેરમાં ફરજ બજાવી તે દરમિયાન તાપી નદી તરીને ફરજ બજાવવા આવતા હતા. શરૂઆતથી જ તેમનું વલણ સમાજસુધારાતરફી હતું.. ઉત્સવનું વ્યાપારીકરણ થાય તો ઉત્સવનો charm માર્યો જાય અને શ્રદ્ધા કરતાં અંધ શ્રદ્ધા વધુ જોવા મળે ત્યારે માનવતાનો છેદ ઊડી જાય છે. એટલે કોઈ પણ વ્યક્તિ આસ્તિક કે નાસ્તિક ભલે બને પણ સાથે માનવતાવાદી બની રહેવો જોઈએ એ આજના કળિયુગના જમાનાની તાસીર છે.

**સુરત — -ચન્દ્રકાન્ત રાણા**

### લગ્ન જરૂરી કે વ્યક્તિગત પસંદગી?

સમય બદલાઈ રહ્યો છે અને તેની સાથે યુવાનોની જીવનશૈલી તથા વિચારો પણ બદલાઈ રહ્યા છે. અગાઉ ચોક્કસ ઉંમરે લગ્ન કરવાનું જીવનનું નિવાર્ય પગથિયું માનવામાં આવતું હતું. હવે ઘણા યુવાનો અભ્યાસ, કારકિર્દી અને વ્યક્તિગત સ્વતંત્રતાને પ્રાથમિકતા આપે છે.

લગ્ન જીવનની મહત્વપૂર્ણ સંસ્થા છે, પરંતુ દરેક વ્યક્તિ માટે તેનો સમય અને નિર્ણય એકસરખો હોઈ શકે નહીં. માત્ર સમાજ શું કહેશે અથવા સંબંધીઓ શું વિચારશે તેના આધારે લગ્ન કરવાનો નિર્ણય લેવો યોગ્ય નથી. બીજી તરફ માત્ર આધુનિક વિચારધારા બતાવવા માટે લગ્નને સંપૂર્ણપણે નકારવા પણ જરૂરી નથી. લગ્ન કરવું કે નહીં, ક્યારે કરવું અને કોની સાથે કરવું તે વ્યક્તિનો અંગત નિર્ણય હોવો જોઈએ. પરિવારનું માર્ગદર્શન મહત્વનું છે, પરંતુ અંતિમ નિર્ણયમાં વ્યક્તિની સંમતિ અને ખુશીને સૌથી વધુ મહત્વ મળવું જોઈએ. બદલાતા સમાજમાં વ્યક્તિગત સ્વતંત્રતા અને જવાબદારી બંનેનું સંતુલન જાળવવું જરૂરી છે.

**સુરત — - પરેશ રેશમવાલા**

### ઉત્સવઘેલા યુવાનો ભવિષ્યનું વિચારશે?

સાંપ્રત સમયમાં રાજકીય પક્ષોના વડાઓને અને તમામ સરકારી તંત્રોના સત્તાધીશોની આંખે જાણે ગાંધારીની જેમ આંખે પાટા બંધાયેલા છે કે, પછી વૉટબેંકની જાળવણી અને સાચવણી ખાતર બધા બધું જ જાણે છતાં પણ મૌન રહેવાનું પસંદ કરે છે. સમજાતું નથી કે, શહેરભરના રસ્તા પર એકલદોકલ સિનિયર સિટીઝનો કે સામાન્ય પ્રજાજનોને જાહેર માર્ગો ઉપરની દેખીતી ટ્રાફિક જામની સમસ્યાઓ જે,દર વર્ષે ગણેશ આગમનયાત્રાથી વિદાયના કાનફાડ ઘોંઘાટ કરતા વરઘોડાઓ, બાદ માંડ અઠવાડિયું પસાર થતા પછી નવરાત્રી મહોત્સવ અંતર્ગતના જાહેર માર્ગો ઉપરના રસ્તા રોકાણના ધાંધિયા જાણે સુરત શહેરનાં નગરજનોને કોઠે પાડવા મજબૂર કરતા સરકારી તંત્રના વડવાઓ દ્વારા કોઈ પણ પ્રકારના નિયંત્રણ શા માટે લાદવામાં આવતાં એ યક્ષ પ્રશ્ન બની ગયો છે. પછી ધર્મના નામે ધતિંગોને પોષણ આપવા અને ગુજરાતના યુવાનોને ધર્મની આડમાં રવાડે ચડાવી ખાસ કરીને તહેવારોમાં સોનેરી અને કિંમત સમયની રીતસરની બરબાદી કરાવી ભવિષ્યમાં મોંઘવારી અને બેકારીના ખપ્પરમાં હોમાવા માટે માનસિક રીતે તૈયાર કરવામાં આવે છે. વાલી મિત્રો સાથે શહેરના તમામ સમજદાર અભણો અને ઘમંડી સત્તારૂઢો સાથે ભણેલા પણ સત્તા આગળ શાણપણ નકામા જેવી નમાલી માનસિકતાને પોષતો મોટા ભાગનો મધ્યમ વર્ગ હવે તો કુંભકર્ણની નિદ્રા ત્યાગશે ખરો?

**સુરત — -પંકજ મહેતા**

### સુરતી જીવનશૈલી 1980

80ના દાયકાના સમયમાં પરિવારમાં 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના હતી.એક પરિવારમાં વીસ પચ્ચીસ સભ્યો એક સાથે રહેતાં હતાં.સંયુક્ત કુટુંબમાં રહેવું એ સામાન્ય બાબત હતી. મહિલાઓ ઘરમાં રસોઈ કરતી હોય, પુરુષો કામધંધો કરતા હોય,વડીલો ઓટલા પર મહાલતા હોય અને બાળકો આંગણામાં રમતાં હોય ત્યારે ઘર એક મંદિર જેવું લાગે. વડીલોનો પરિવાર પર ધાક હતો,વડીલોનો એક આદેશ બહાર પડે તેનો પરિવારનાં તમામ સભ્યો પાલન કરતાં. પરિવારમાં માંડ એક ફોનનું ડબલુ હતું. એનો ઉપયોગ માત્ર વેપાર પૂરતો થતો. સગાં સંબંધીઓના ખબર અંતર કાઢવા રૂબરૂ જ જતા.ઘરમાં માત્ર એક નાનું રેફ્રિજરેટર હોય તો ભયો ભયો. ઘરમાં એકાદ બજાજનું સ્કુટર હોવું એ સમાજમાં પ્રતિષ્ઠા ગણાતી.સાયકલ જ પરિવહનનું સાધન હતું.પરિણામે શેરીઓમાં પાર્કિંગની સમસ્યા હતી નહિ. સુરતમાં રોડ રસ્તાઓ નાના હોવા છતાં ટ્રાફિક જેવો શબ્દ કયાં હતો? રસ્તા પર ઓટો રીક્ષા અને કારની અવરજવર નહિવત્ હતી. શિલોન પર આવતું અમીન શયાનીનું 'બિનાકા ગીતમાલા' ટોળે વળી સાંભળતાં. શિક્ષણ ક્ષેત્રે,ભાર વગરનું ભણતર હતું. બાળકો શાળાએથી આવી ભોજન કરી, સીધા મહોલ્લામાં રમતો રમવા લાગી જતાં, જે મોડી સાંજ સુધી મહોલ્લો ઓલિમ્પિકનું મેદાન લાગે.આવકના સ્રોત ઓછા હતા,ખર્ચા તોલી માપીને કરતા. સાદગીભર્યું જીવન હતું.પરિવારમાં હળીમળીને રહેતાં હતાં.ભલે ભૌતિક સુખ ઓછું હતું પણ લોકો માનસિક રીતે સુખી હતાં.

**સુરત — - કિરીટ મેઘાવાલા**

### ખાનગી વાહન કે જાહેર પરિવહન?

શહેરોની વસ્તી વધવાની સાથે રસ્તાઓ પર વાહનોની સંખ્યા પણ સતત વધી રહી છે. એક જ ઘરમાં બે-ત્રણ વાહનો સામાન્ય બન્યા છે. પરિણામે ટ્રાફિક, પાર્કિંગ અને પ્રદૂષણ જેવી સમસ્યાઓ ગંભીર બની રહી છે. આ સ્થિતિમાં જાહેર પરિવહનનો ઉપયોગ વધારવો જરૂરી છે.

જો બસ, મેટ્રો અને અન્ય જાહેર પરિવહન સુવિધાઓ ઝડપી, સમયસર, સ્વચ્છ અને સુરક્ષિત હોય તો ઘણા લોકો પોતાનું વાહન ઘરે રાખી શકે છે. તેનાથી રસ્તા પરનો ટ્રાફિક ઓછો થશે અને ઈંધણનો ખર્ચ પણ બચશે. પરંતુ જાહેર પરિવહન વ્યવસ્થા પૂરતી સુવિધાજનક ન હોય ત્યારે લોકો માટે ખાનગી વાહન છોડવું મુશ્કેલ બને છે.

આથી માત્ર લોકોને ખાનગી વાહન ઓછું ચલાવવાની અપીલ કરવાથી સમસ્યા ઉકેલાશે નહીં. સત્તાવાળાઓએ પહેલાં જાહેર પરિવહનને વધુ વિશ્વસનીય અને સરળ બનાવવું પડશે. સાથે જ નાગરિકોએ પણ શક્ય હોય ત્યાં બસ કે અન્ય જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની જવાબદારી સ્વીકારવી જોઈએ. શહેરને રહેવા યોગ્ય બનાવવા બંને પક્ષનો સહયોગ જરૂરી છે.

**સુરત — -પૂજા કાપડિયા**